**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૫ મુજબનો ચુકાદો)**
**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**આંક–**

| | | |
|---|---|---|
| (અ) કેસનો અનુક્રમ નંબર | :– | ૬૯૬૫૫/૧૯ |
| (બ) ગુન્હો બન્યાની તારીખ | :– | |
| (ક) ફરીયાદીનું નામ | :– | શ્રી સરકાર |
| (ડ) આરોપીઓના નામ અને સરનામું | :– | વિપુલભાઈ રમણભાઈ પટણી |
| (ઈ) ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ | :– | ઈ.પી.કોડ કલમ–૨૮૩ મુજબ |
| (ફ) આરોપીનો જવાબ અને તપાસણી | :– | |

સવાલઃ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબઃ– મને ગુનો કબુલ છે.

.......................................................

**મારી રૂબરૂ**

**અમદાવાદ** **ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**તા. ૧૪.૧૨.૨૦૧૯** **અમદાવાદ**

(૧) આ કામમાં શાહીબાગ પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ કલમ–૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ સ્પેશ્યલ સીટીંગમાં ગુના કબુલાત પુરસીસ આંક–૦૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૦૩ થી પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તેઓ કુટુંબકબીલાવાળા માણસ છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**હુ ક મ**

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ હેઠળ ઈ.પી.કોડ કલમ–૨૮૩ ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને બે દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૧૪.૧૨.૨૦૧૯